Office of the Registrar
A. A. U., ANAND.
- 2 SEP 2013
INWARD No. 8589

એપેક્ષ હાર્ટ ઈન્સ્ટીટયુટ, એસ.જી.હાઈવે, અમદાવાદને ગુજરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ હેઠળ હૃદયરોગની સારવાર માટે માન્યતા બાબત.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએજી–૧૦૨૦૧૩–૬૦૩૯૯૯–અ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૬–૦૬–૨૦૧૩

**વંચાણે લીધા :–**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૩૦/૧૨/૮૮નો ઠરાવ ક્રમાંક : એમએજી/૧૦૮૮/ ૨૬૧૬/ઘ

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૯/૯/૦૫નો ઠરાવ ક્રમાંક : એમએજી/૧૦૨૦૦૦/ ૪૯૩૨/અ

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧/૧૨/૦૫નો ઠરાવ ક્રમાંક : એમએજી/૧૦૨૦૦૦/ ૪૯૩૨/અ

(૪) મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન, જનરલ હોસ્પિટલ, સોલા, અમદાવાદનો અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓને લેખાયેલ તા.૨૧/૦૮/૨૦૧૨નો પત્ર.

**ઠ રા વ :–**

ઉપર્યુકત સંદર્ભમાં દર્શાવેલ આ વિભાગના તા.૩૦–૧૨–૮૮ના ઠરાવથી ગુજરાત રાજય સેવા (ત.સા.) નિયમો, ૧૯૮૮ અને વખતોવખત કરવામાં આવેલ ઠરાવોની જોગવાઈઓને આધિન સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ/ પેન્શનરો તેમજ તેઓના આશ્રિત કુટુંબીજનોની તબીબી સારવારનો ખર્ચ મજરે આપવામાં આવે છે. ઉકત સંદર્ભ–(૪) માં દર્શાવેલ મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન, જનરલ હોસ્પિટલ, સોલા, અમદાવાદના તા.૨૧/૦૮/૨૦૧૨ના પત્રથી એપેક્ષ હાર્ટ ઈન્સ્ટીટયુટ, એસ.જી.હાઈવે, અમદાવાદને ઉકત નિયમો હેઠળ રીએમ્બર્સમેન્ટના હેતુ માટે માન્યતા આપવા માટે અભિપ્રાય સાથે દરખાસ્ત રજૂ કરેલ. હાર્ટ એટેક આવેલ સરકારી કર્મચારીઓ/અધિકારીઓ/પેન્શનરો તેમજ તેમના આશ્રિત કુટુંબીજનોની તબીબી સારવાર આપવામાં સમય વ્યતિત ન થાય અને તેમની જીદગી બચી જાય તે હેતુથી તબીબી સારવારનો ખર્ચ મજરે આપવા એપેક્ષ હાર્ટ ઈન્સ્ટીટયુટ અમદાવાદને માન્યતા આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે ખાનગી હોસ્પિટલ, એપેક્ષ હાર્ટ ઈન્સ્ટીટયુટ, એસ.જી.હાઈવે, અમદાવાદને ગુજરાત રાજય સેવા (ત.સા.) નિયમો, ૧૯૮૮ હેઠળ હૃદય રોગની સારવાર માટે નીચેની શરતોને આધિન રહીને માન્ય હોસ્પિટલ ગણવાની આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) હાલમાં ગુજરાત રાજય સેવા (ત.સા.) નિયમો, ૧૯૮૮ હેઠળના લાભાર્થીઓને આ વિભાગના તા.૯/૯/૦૫નો ઠરાવ ક્રમાંક : એમએજી/૧૦૨૦૦૦/ ૪૯૩૨/અ થી હૃદય રોગ માટે રાજયની ખાનગી હોસ્પિટલોને માન્યતા આપવામાં આવેલ ઠરાવની જોગવાઈઓ, શરતો અને તે સાથે સામેલ સારવારના નકકી થયેલ પેકેજના દરો હૃદય રોગની સારવાર માટે એપેક્ષ હાર્ટ ઈન્સ્ટીટયુટ, એસ.જી.હાઈવે, અમદાવાદને લાગુ પડશે.

...૨...

(૨) રાજય સરકાર ધ્વારા ગુજરાત રાજય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ માં ભૂળભૂત ફેરફાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે તે આખરી થયેથી જે જોગવાઈઓ નકકી થશે, તે જોગવાઈઓ એપેક્ષ હાર્ટ ઈન્સ્ટીટયુટ અમદાવાદને પણ લાગુ પાડવામાં આવશે.

(૩) આ હુકમોનો અમલ આ ઠરાવની રવાનગી તારીખથી કરવામાં આવશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૦–૦૪–૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મહેશ સોની )
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,
- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર ધ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આરોગ્ય અને નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના અંગત સચિવશ્રી.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ત.સે.અને ત.શિ.)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
- અગ્રસચિવશ્રી(જાહેર આરોગ્ય )ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
- નાયબ સચિવશ્રી(સેવા) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (તબીબી શિક્ષણ), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આ વિભાગના સર્વે નાયબ સચિવ/ઉપસચિવશ્રી.
- અધિક નિયામકશ્રી (તબીબી સેવાઓ) ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- આ વિભાગ હેઠળના સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ,
- સર્વે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જનશ્રીઓ.
- સર્વે સીવીલ સર્જનશ્રીઓ/અધિક્ષકશ્રીઓ/સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષકશ્રીઓ.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- નિયામકશ્રી, યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ.
- એપેક્ષ હાર્ટ ઈન્સ્ટીટયુટ, એસ.જી.હાઈવે, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.

**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

**નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.**
૧. હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ
૨. આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓ તરફ.
૩. નિયામકશ્રી, આઇ.ટી. વિભાગ, આ.કૃ.યુ. આણંદ તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

નં. આકૃયુ/રજી/સંકલન/ ૭૩૫૧ /૨૦૧૩
તા.03/09/2013

કુલસચિવ

**નકલ રવાના:**
આ કચેરીની તમામ શાખાઓ તરફ.